આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાએ કન્સલ્ટન્ટ તેમજ ઘટક કક્ષાએ આધાર નોંધણી ઓપરેટરની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃઆઇસીડી/૧૦૨૦૨૦/૪૬૨/બ-૧
સચિવાલય ગાંધીનગર
તા.૧૭/૦૩/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૯/૨૧૫/બ, તા. ૧૯/૦૮/૨૦૧૯

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૦૯/૦૭/૨૦૨૦

(3) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૨૨/૦૩/૨૦૨૧

**આમુખ**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા અને ઘટક કક્ષાએ કન્સલ્ટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરની સેવા ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા (૨) અને (૩) પરના ઠરાવથી ઉક્ત આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવામાં આવેલ હતી. આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાના ૩૩ ડિસ્ટ્રીક્ટ કન્સલ્ટન્ટ (UID) અને ઘટક કક્ષાના ૪૨૬ આધાર નોંધણી ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટરની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**//ઠરાવ//**

આધાર નોંધણીની કામગીરી માટે જિલ્લા કક્ષાના ૩૩ ડિસ્ટ્રીક્ટ કન્સલ્ટન્ટ (UID) અને ઘટક કક્ષાના ૪૨૬ આધાર નોંધણી ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ હાલ લેવામાં આવી રહી

હોવાની શરતે આ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧-માસની મુદત પૂર્ણ થયા તારીખથી વધુ ૧૧-માસ માટે મેળવવાની મંજૂરી આપવામાં આવે છે.

૧૧-માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો એક માસ અગાઉથી આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૬/૦૩/૨૦૨૨ની નોધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ......................
4. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
5. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ........................
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
10. શાખા સિલેક્ટ ફાઇલ.